**આંક–૨૨ લગત હુકમ**

**૧.** હાલની અરજી આરોપી નં.૨ તરફે અરજીમાં જણાવેલ કારણોસર એન.ડી.પી.એસ. એકટ ની કલમ–૮(સી), ૨૧(સી), ૨૯ મુજબના ગુનાના કામે અરજીમાં જણાવેલ કારણોસર ડીસ્ચાર્જ કરવા અરજ વિનંતી કરેલ છે.

**૨.** આરોપી નં. ૨ તરફે અરજી સંદર્ભે વિ.વ.શ્રી વિ.વિ.કાનાબારનાઓને સાંભળ્યા. આરોપી નં.૨ તરફે વિ.વ.શ્રીએ અરજીમાં જણાવેલ હકિકતે લંબાણપુર્વકની મૌખિક દલીલ કરેલ છે જે મુજબ મહત્વની દલીલ એવી છે કે, કલમ–૨૯ મુજબ આરોપી નં.૨ ના એ ગુનાના માં મદદ કરી હોય તેવુ ફરીયાદપક્ષે રજુ થયેલ પેપર્સ ઉપરથી જણાય આવતુ નથી. પોલીસ પેપર્સ વંચાણે લેતાં આરોપી નં.૨ ના એ મદદ કરેલાનુ જણાવેલ છે.

**૨.૧.** આરોપી નં. ૨ તરફે અરજી સંદર્ભે વિ.વ.શ્રી વિ.વિ.કાનાબારનાઓએ ફરીયાદ વંચાણે લઈ વધુમાં દલીલ કરેલ છે કે, આ કામના આરોપી નં.૧ વાળા ઈરફાન ઉર્ફે બાપુ અલ્લારખાભાઈ શેઠા પાસેથી પોલીસ દ્વારા APLRAZOLAM નામની ૫૦૦ ટેબ્લેટ કબ્જે કરવામાં આવેલ અને સદરહુ આરોપી નં.૧ વાળા ઈરફાન ઉર્ફે અલ્લારખાભાઈ શેઠાને સદરહુ ટેબ્લેટ બાબતે પુછપરછ કરતા સદરહુ આરોપી નં.૧ વાળાએ સદરહું ટેબ્લેટ આરોપી નં.૨ વાળા પાસેથી ખરીદ કરેલ હોવાનુ જણાવતા તેના આધારે અમો આરોપી નં.૨ વાળાનુ નામ ફરીયાદમા દાખલ કરવામા આવેલ છે.

**૨.૨.** આરોપી નં.૨ તરફે વિ.વ.શ્રી વિ.વિ.કાનાબારનાઓએ વધુમાં દલીલ કરેલ છે કે, આરોપી નં.૨ વાળા સામે વિશેષમાં કરવામા આવેલ આક્ષેપ મુજબ પોલીસ દ્વારા પાસેથી સદરહુ APLRAZOLAM નામની ૫૦૦ ટેબ્લેટ કબ્જે કરવામાં આવેલ હોવાનો તથા તે ટેબ્લેટ આરોપી નં.૨ પાસેથી ખરીદ કરેલ હોવાનુ જણાવતા આરોપી નં.૨ નુ નામ ફરીયાદમા દાખલ કરવામા આવેલ છે. આરોપી નં.૨ વારા બી ફાર્મની ડીગ્રી ધરાવે છે અને રજીસ્ટર્ડ ફાર્માસીસ્ટ તરીકે રજી.નં.જી૬૯૨૬ નો ધારણ કરેલ છે.

**૨.૩.** આરોપી નં.૨ તરફે વિ.વ.શ્રી વિ.વિ.કાનાબારનાઓએ વધુમાં દલીલ કરેલ છે કે, આ કામે પોલીસ ધ્વારા આ નામ. કોર્ટ સમક્ષ જે ચાર્જશીટ રજુ કરવામા આવેલ છે તે ચાર્જશીટના પેપર્સમાં સદરહુ આક્ષેપીત APLRAZOLAM ટેબ્લેટનું બીલ આશા મેડીકલ સ્ટોરમાં ફાર્માસીસ્ટ હતા તે રીતે જોતા પણ આક્ષેપીત ટેબ્લેટનો જથ્થો કાયદેસરના બીલ વાળો આવેલ હતો. જેથી આરોપી સામે પ્રથમદર્શનીય ગુનો ન બનતો હોવાની દલીલ કરેલ છે.

**૨.૪.** આરોપી નં.૨ તરફે વિ.વ.શ્રી વિ.વિ.કાનાબારનાઓએ વધુમાં દલીલ કરેલ છે કે, પ્રોસીકયુશનના કેસનો ટુંક સાર જોવામા આવે તો અમારી સામે મુખ્યત્વે આક્ષેપ અમોએ સદરહું ટેબ્લેટનો જથ્થો આરોપી નં.૧ વાળાને કોઈપણ જાતના મેડીકલ પ્રીસ્ક્રપ્શન વગર આપેલ હોય તે પ્રકારનો અમો સામે મુખ્યત્વે આક્ષેપ છે અને તે રીતે અમોને હાલના કેસમા આરોપી તરીકે જોડવામા આવેલ હોવાનુ અમારુ નમ્રપણે માનવું છે. તેમજ સમગ્ર તપાસ દરમ્યાન આરોપી નં.૨ વાળાએ આરોપી નં.૧ વાળા પાસેથી કોઈ આર્થીક લાભ મેળવેલ હોય તેવો કોઈ પુરાવો આ કામે રજુ થયેલ નથી. તેમજ બંને આરોપીઓને કયારે અને કયાં મુલાકાત થઈ તેવો કોઈ પુરાવો પણ આ કામે રજુ થયેલ નથી. આરોપી નં.૨ રજીસ્ટર્ડ ફાર્માસીસ્ટ હોઈ અને સદરહું બનાવના અરસામાં આશા મેડીકલમા ફાર્માસીસ્ટ હતા. આરોપી નં.૨ સામેનો મુખ્યત્વે આક્ષેપ જોવામાં આવે તો તેઓએ આરોપી નં.૧ વાળાને કોઈપણ જાતના મેડીકલ પ્રીસ્ક્રીપશન વગર સદરહું ટેબ્લેટ આપેલ હોય જે આધારે અમોને આ કામમાં આરોપી બનાવવામા આવેલ છે.

**૨.૪.** આરોપી નં.૨ તરફે વિ.વ.શ્રી વિ.વિ.કાનાબારનાઓએ વધુમાં દલીલ કરેલ છે કે, સદરહું APLRAZOLAM ટેબ્લેટ THE GAZETTE OF INDIA ના તા.૩૦/૦૮/૨૦૧૩ ના ગેઝેટની પ્રસીધ્ધી મુજબ સદરહું ટેબ્લેટને SCHEDULE "H" માં સમાવિષ્ટ કરવામા આવેલ છે. તેમજ સદરહું ગેઝેટમાં "SCHEDULE H1 DRUG WARNING" લખેલ છે. જેમા સ્પષ્ટ લખેલ છે કે "NOT TO BE SOLD BY RETAIL WITHOUT THE PRESCRIPTION OF A REGISTERED MEDICAL PRACTITIONER" તેવુ સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ છે. આમ સદરહુ ગેઝેટ મુજબ SCHEDULE "H1" માં દર્શાવેલ ટેબ્લેટ કોઈપણ વ્યકિતને રજીસ્ટર્ડ મેડીકલ પ્રેકટીશનરના પ્રીસ્ક્રપ્શન વગર વેચાણ કરવાની મનાઈ કરવામાં આવેલ છે. તેથી હાલના આરોપી સામે ડ્રગ્સ

એન્ડ કોસ્મેટીકસ એકટ ૧૯૪૦ તેમજ ડ્રગ્સ રૂલ્સ ૧૯૪૫ ના રૂલ ૬૫ સબરૂલ્સ ૯(એ) ની જોગવાઈ મુજબ નોટીસ આપવામા આવે છે અને રૂલ્સ–૬૫ ના ભંગ મુજબ રૂલ્સ–૬૬ માં લાયસન્સના સસ્પેન્શન અથવા તો કેન્સેલેશનની જોગવાઈ કરવામા આવેલ છે. જયારે ફાર્મસી એકટ ૧૯૪૧ ની કલમ–૩૬ મુજબ ગુનો બનતો હોય તો ફાર્માસીસ્ટ તરીકે નામદુર કરવાની જોગવાઈ કરવામા આવેલ છે. આમ આરોપી સામે એન.ડી.પી.એસ. એકટ હેઠળ કોઈ ગુનો બનતો ન હોય ડીસ્ચાર્જ કરવા અરજ વિનંતી કરેલ છે.

૩. સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી બી.એસ.જાડેજાએ દસ્તાવેજી પુરાવા વંચાણે લઈ દલીલ કરેલ છે કે, મુદ્દામાલ અંગે એફ.એસ.એલ.અધિકારી તથા ડ્રગ્સ ઈન્સ્પેકટરે પકડાયેલ દવા APLRAZOLAM ટેબ્લેટ હોવાનુ જણાવેલ છે. ડી.એફ.એસ. કચેરી દ્વારા પણ તે દવામાં APLRAZOLAM ની હાજરી જોવા મળેલ હોવાનુ રાસાયણીક પરીક્ષણ પછી રીપોર્ટ કરેલ છે અને તે એન.ડી.પી.એસ.એકટના શીડયુલમાં સાયકોટ્રોપીક સબટન્સ તરીકે જણાવેલ છે. મુદામાલ કબ્જે કર્યા અંગનું પંચનામું,સીઝર મેમો પંચોની હાજરીમાં કરવામાં આવેલ છે. મુદામાલ અંગે મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂ ઈન્વેન્ટરી કરવામાં આવેલ છે. ઈન્વેન્ટરીના પેપર્સ, રજુ કરવામા આવેલ છે. જે તમામ હકિકતને ધ્યાને લેવામાં આવે તો હાલના આરોપી ઉપરાંત અન્ય આરોપી વિરૂધ્ધમાં ઈન્સાફી કાર્યવાહી ચલાવવા પુરતો પુરાવો જણાય આવે છે. આથી, આરોપી નં.ર ની ડિસ્ચાર્જ અરજી ના–મંજુર કરવા દલીલ કરેલ છે.

૪. બંને પક્ષોની લંબાણપુર્વકની દલીલ ધ્યાને લીધી. અરજી તથા રેકર્ડ વંચાણે લીધું . આરોપી તરફે રજુઆત કરવામાં આવેલ છે કે, આરોપી નં.ર ના એ એન.ડી.પી.એસ એકટ હેઠળનો કરેલ હોય તેવુ ફરીયાદપક્ષે રજુ થયેલ પેપર્સ ઉપરથી જણાય આવતુ નથી. આરોપી નં.ર તરર્ફે હાલની અરજીમાં જે કારણો જણાવી પોતાના બચાવ અંગે દલીલ કરેલ છે જે આ તબકકે માની શકાય કે કેમ તે અંગે ની ચર્ચા કરતા અગાઉ આરોપી નં. ર તરફે જે અરજી કરવામાં આવેલ છે તે અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૦ મુજબ ની ડિસ્ચાર્જ અરજી છે. ફરીયાદપક્ષે આંક –૧૩ થી દસ્તાવેજી પુરાવાનું લિસ્ટ રજુ કરેલ છે.

**૪.૧.** હાલની અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૦ હેઠળ આપવામાં આવેલ છે. જયારે, કલમ–૨૫૧ હેઠળ ચાર્જફ્રેમ કરવા અંગેની જોગવાઈ કરવામાં અવેલ છે. બી.એન.એસ. એસ.ની કલમ–૨૫૦ ના સંદર્ભમાં આરોપીને મુક્ત કરવા અને કલમ–૨૫૧ ના મૂળમાં તેની સામે આરોપ ઘડવા માટેના માર્ગદર્શક સિદ્ધાંતોની સંપૂર્ણ સૂચિને જણાવવી, કાયદાકીય અને હકીકતની દૃષ્ટિએ શક્ય નથી. તેમ છતાં, નામદાર સુપ્રીમ કોર્ટ અને વિવિધ નામદાર હાઈકોર્ટના વિવિધ નિર્ણયોમાંથી ઉદ્ભવતા આવા સિદ્ધાંતોને ધ્યાને લેતા કહી શકાય કે, તહોમતનામુ ઘડવુ એટલે કે, "આરોપ ઘડવો એ માત્ર ઔપચારિકતા નથી, પરંતુ આરોપીએ ગુનો કર્યો હોવાનું અનુમાન કરવા માટે કોઈ આધાર છે કે કેમ તે વિચારણામાં જયુડીશીયલ માઇન્ડને લાગુ કર્યા પછી સેશન્સ જજ દ્વારા કરવામાં આવતી ન્યાયિક કૃત્ય". આરોપો ઘડતી વખતે, અદાલતે, રેકોર્ડ પરની સામગ્રીના સંભવિત મૂલ્યમાં જવાનું હોય છે અને અદાલતે મામલામાં ઊંડાણપૂર્વક જવાની અને સામગ્રીને, આરોપીને દોષિત ઠેરવવા સુધીના હોય તેવી ધારણા કરવાની અપેક્ષા રાખવામાં આવતી નથી. અદાલતે બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૦ અથવા બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૧ ના તબક્કે રેકોર્ડ પરની સામગ્રીનું મૂલ્યાંકન કરવું જરૂરી છે, અને ત્યાં ફેસ વેલ્યુ પર લેવામાં આવેલા તથ્યો, કથિત ગુનાની રચના કરતી તમામ ઘટકોના અસ્તિત્વને જાહેર કરે છે કે કેમ. તે યોગ્ય છે કે, ડિસ્ચાર્જ માટેની અરજીની વિચારણાના તબક્કે, અદાલતે એવી ધારણા સાથે આગળ વધવું, અને ફરિયાદ પક્ષ દ્વારા રેકોર્ડ પર લાવવામાં આવેલી સામગ્રી સાચી છે અને તેમાંથી બહાર આવતાં તથ્યો ગુનાના ઘટકોના અસ્તિત્વને જાહેર કરે છે કે કેમ તે જાણવા માટે આવી સામગ્રીનું મૂલ્યાંકન કરવું જોઇએ. તહોમતનામુ ઘડવુ એ ખાલી ઔપચારિકતા નથી. જે વાસ્તવિક ઘટનાઓ બની છે તેની સ્પષ્ટ સમજણમાં આવવું જોઈએ અને ખાતરી કરવી જોઈએ કે સત્ય સુધી પહોંચવા માટે યોગ્ય અને જરૂરી પગલાં લેવામાં આવ્યા છે.

**૪.૨.** બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૦ અને બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૧ ને એકસાથે વાંચવાથી, તે સ્પષ્ટ થશે કે ટ્રાયલના પ્રારંભમાં અને પ્રારંભિક તબક્કે ફરિયાદી જે પુરાવાઓ ઉમેરવાનો પ્રસ્તાવ મૂકે છે ત્યારે અદાલતે, આરોપીને દોષિત ઠેરવવા માટે પૂરતું આધાર છે કે કેમ તે જોવાનું કોર્ટ નથી. આરોપો ઘડવાના તબક્કે, ફરિયાદી પુરાવાઓ શરૂ થતા નથી.

કસોટી, પુરાવા અને ચુકાદાના ધોરણો કે જે આખરે આરોપીને દોષિત ઠરાવવા પહેલાં અથવા અન્યથા લાગુ કરવાના હોય છે તે બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૦ અને કલમ–૨૫૧ ના તબક્કે બરાબર લાગુ પડવાના નથી. બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૦ અને કલમ–૨૫૧ હેઠળ ડિસ્ચાર્જ સમયે શું જરૂરી છે, ક્રિમિનલ પ્રોસિજર કોડ એ એક અનુમાનિત કમિશન છે કે શું આરોપ આધારહીન છે. આરોપ આખરે સાબિત થશે કે નહીં તે પ્રશ્ન કેસમાં પુરાવા નોંધાયા પછી જ નક્કી કરી શકાશે. આ તબક્કે કેસની યોગ્યતા અને ગેરફાયદા અંગેની તપાસ અને વિગતવાર તપાસની જરૂર નથી.

**૪.૩.** આરોપો ઘડવાના તબક્કે કોર્ટે તમામ બાબતો ધ્યાનમાં લેવાની હોય છે કે શું રેકોર્ડ પરની પુરાવા સામગ્રી સામાન્ય રીતે સ્વીકારવામાં આવે તો, આરોપીને ગુના સાથે વ્યાજબી રીતે જોડશે કે કેમ, કારણ કે આરોપ ઘડવાના તબક્કામાં, ફરિયાદી જે પુરાવા આપવાનો પ્રસ્તાવ મૂકે છે તેની સત્યતા અને અસરને સાવચેતીપૂર્વક નક્કી કરવામાં આવતી નથી. કસોટી, પુરાવા અને ચુકાદાના ધોરણો, જે આખરે આરોપીને દોષિત ઠરાવ્યા પહેલા અથવા અન્યથા લાગુ કરવાના હોય છે, તે બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૦ અથવા કલમ–૨૫૧ હેઠળ આરોપ ઘડવાના તબક્કે બરાબર લાગુ પડવાના નથી. ચાર્જ ઘડતી વખતે કોર્ટે આરોપના તબક્કે પુરાવાનું વેઈટ જોવાનું નથી. આરોપ ઘડવાના સમયનો તબક્કો, અદાલતે પુરાવાને જોવું જરૂરી છે, કોઈ ઝીણવટભરી તપાસ જરૂરી નથી. અત્રેએ નોંધવું જોઈએ કે, ફરીયાદપક્ષ ના રજુ થયેલ દસ્તાવેજી પુરાવા આરોપીને દોષિત ઠરવા સુધી લઈ જાય, તે રીતે પુરતા પુરાવા હોવા જોઈએ તેવું આ તબકકે માની શકાય નહી.

**૪.૪.** હાલની ડીસ્ચાર્જ અરજી આરોપી નં.૨ ધ્વારા કરવામા આવેલ છે. ફરીયાદપક્ષના કેસની હકીકત મુજબ આરોપી નં. ૧ પાસેથી APLRAZOLAM ટેબ્લેટ તેના કબ્જા ભોગવટામાંથી મળી આવેલ અને આરોપી નં.૨ પાસેથી આરોપી નં.૧ નાએ આ ટેબ્લેટ મેળવેલ હોવાનુ તથા આરોપી નં.૨ નાએ શીડયુલ એચ ૧ ની ડ્રગ્સ હોવાછતા વિના પ્રીસ્ક્રીપ્શને આટલા મોટા પ્રમાણમાં દવા આપી ગુનો કર્યાનો આક્ષેપ છે. વધુમાં ડ્રગ્સ એન્ડ કોસ્મેટીકટસ હેઠળ ગુનો બનતો હોવામાત્રથી એન.ડી.પી.એસ. એકટ હેઠળના ગુનામાંથી છટકી શકે નહી કે બે જુદા જુદા કાયદા

હેઠળ ગુનો બનતો હોય તો બે અલગ અલગ ઈન્સાફી કાર્યવાહીથી આરોપીને ડબલજીઓપારડીંસ થાય છે તેવુ માની શકાય નહી. આરોપી નં.ર તરફે જે બચાવ લેવામા આવેલ છે તે બચાવ આ તબકકે ધ્યાને લઈ શકાય નહી. આ તબકકે આરોપી વિરૂધ્ધ જે ગુનાનો આક્ષેપ મુકવામા આવેલ છે તે પ્રથમદર્શનીય માનવા યોગ્ય છે કે કેમ તે જોવાનુ રહે છે. સીઝર મેમો, સંમતિપત્રક, એફ.એસ.એલ.અધીકારીનુ મુદામાલ અંગેનુ પ્રાથમિક પરીક્ષણનો રીપોર્ટ, મુદામાલ અંગે એન.ડી.પી.એસ.એકટની કલમ.પર એ(૩) મુજબ ઈન્વેન્ટ્રી રજુ કરવામા આવેલ છે. રજુ થયેલ દસ્તાવેજી પુરાવાથી આરોપી નં.ર તથા અન્ય આરોપી વિરૂધ્ધ તહોમતનામું ફરમાવી, ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા પુરતું કારણ અને પુરાવો જણાય આવે છે. આમ, ઉપર મુજબની ચર્ચાને અંતે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:<u>હુકમ</u>:–**

- આરોપી નં.ર ની ડિસ્ચાર્જ અરજી ના–મંજુર કરવામાં આવે છે.
- આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામું ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૦૯ મી  મે, ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

ખંભાળીયા
તા.૦૯/૦૫/૨૦૨૫

(એસ.જી.મનસુરી)
સ્પેશયલ જજ, એન.ડી.પી.એસ.
ખંભાળીયા, દેવભુમી ધ્વારકા.
GJ-00603